# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. અમદાવાદથી લંડન જતું એર ઇન્ડિયાનું વિમાન ઉડ્ડયનની થોડી જ ક્ષણોમાં દુર્ઘટનાગ્રસ્ત બનતાં 100થી વધુ મુસાફરોના મોતની શક્યતા
2. વિમાની દુર્ઘટના બાદ અમદાવાદના મેઘાણીનગર ખાતે યુદ્ધના ધોરણે બચાવ અને રાહત કામગીરી
3. અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે પરિજનોના DNA લઇને મૃતકોની ઓળખ કરાશે
4. વિમાની દુર્ઘટના અંગે રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી અને ઉપરાષ્ટ્રપતિએ દુઃખ વ્યકત કરી મૃતકોના પરિજનોને સંવેદના આપી
5. બારડોલીમાં "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન"ના સમાપન પ્રસંગે કેન્દ્રીય કૃષિમંત્રીએ ખેતીમાં રાજ્યના નેતૃત્વની પ્રશંસા કરી.

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# PLANE CRESH

અમદાવાદમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત બનતાં સો થી વધુ લોકોના મોતની આશંકા છે.. અમદાવાદથી લંડન જતું એર ઇન્ડિયાનું પેસેન્જર વિમાન આજે ગુજરાતના અમદાવાદ હવાઇમથક નજીક મેઘાણી નગર વિસ્તારમાં સિવિલ સ્થિત તબીબોના છાત્રાલય ઉપર  દુર્ઘટનાગ્રસ્ત થયું. ઘટના સ્થળે બચાવ અભિયાન પૂરજોશમાં ચાલુ છે, મૃતદેહને બહાર કાઢવામાં આવી રહ્યા છે. ભારતીય સેનાનાં ત્રણેય દળો આમાં જોડાયેલા છે. એનડીઆરએફની 6 ટીમો આ કામમાં તૈનાત કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપી રહ્યાં છે આકાશવાણીના પ્રતિનિધિ કરણ પરમાર

( વોઇસકાસ્ટ- કરન પરમાર)

. . . . . . . . . . .

# GOVT ACTION

વિમાન દુર્ઘટનાગ્રસ્ત બનતા  વિમાનમાં મુસાફરી કરી રહેલા ઇજાગ્રસ્ત મુસાફરોને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.. પ્રસ્તુત છે એક અહેવાલ...

( VC – HEMANGINI SONARA)

*(ઘટનાની ગંભીરતાને જોઇને સરકાર દ્વારા તાત્કાલિક બચાવ અને રાહત કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી હતી.. સિવિલ હોસ્પિટલમાં પણ તાત્કાલિક સારવાર વિશેષ વ્યવસ્થા કરી દેવાઇ હતી.. દુર્ઘટનાની જાણ થતાંજ મુખ્યમંત્રીએ તાત્કાલિક પોતાના તમામ કાર્યક્રમો રદ કરીને તંત્રને બચાવ અને રાહત કામગીરી અને ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળી રહે તેવી સૂચના આપી દીધી હતી.મુખ્યમંત્રી પણ જાતે જ અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં પહોંચા ગયા*

*હતા..જ્યાં આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ, ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ અને ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પણ પહોંચી ગયા હતા.. મુખ્યમંત્રીએ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઇ રહેલા લોકોને મળ્યાં હતા.*

*વિમાન દુર્ઘટનાની જાણ થતાં જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં દુઃખ વ્યક્ત કરીને ઇજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે અને બચાવ અને રાહત કામગીરી તત્કાળ કરવા સૂચના આપી હતી. તેમણે પોસ્ટમાં જણાવ્યું હતું કે રાજ્યના મુખ્યમંત્રી સાથે વાતચિત કરી છે. રાજ્ય સરકારને તમામ સહાય આપવાની ખાત્રી આપી હતી..*

*કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ત્વરિત ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે વાતચિત કરીને સ્થિતિની માહિતી મેળવી હતી .તેમજ અમિત શાહ પણ પોતાના તમામ કાર્યક્રમો સ્થગિત કરીને અમદાવાદ આવવા રવાના થઇ ગયા હતા..)*

. . . . . . . . . . .

# RESCUE

બીજીતરફ સરદાર વલ્લભભાઇ પટેલ હવાઇમથક પર ફ્લાઇટના તમામ ઉડ્ડયનો તત્કાળ સ્થગિત કરવાનો આદેશ આપ્યો હતો.. જોકે થોડા કલાકો બાદ ઉડ્ડયન ફરી શરૂ કરાયું હતું..મોડી સાંજે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી અમદાવાદ પહોંચ્યા હતા. પ્રસ્તુત છે એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ- પ્રવેશ અડિએચા)

*(આ વિમાની દુર્ઘટના અંગે નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે મંત્રાલય પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. તેમણે તમામ ઉડ્ડયન અને કટોકટી પ્રતિભાવ એજન્સીઓને ઝડપી અને સંકલિત કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો છે. તેમણે માહિતી આપી હતી કે બચાવ ટીમો કાર્યરત કરવામાં આવી છે, અને તબીબી સહાય અને રાહત સહાય સુનિશ્ચિત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.*

*મુસાફરોની તેમના પરિજનોને વિગતો મળી રહે તે માટે રાજ્ય સરકારે અને કેન્દ્ર સરકારે તાત્કાલિક કંટ્રોલ રૂમ શરૂ કરી દીધો છે. રાજ્ય સરકારે અમદાવાદ પ્લેન ક્રેશ દુર્ઘટનાના સંદર્ભમાં સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરમાં કંટ્રોલ રૂમ કાર્યરત કર્યો છે. આ કંટ્રોલ રૂમના ફોન નં. 079-232-*

*51900 અને મોબાઈલ નં. 9978405304 ઉપર સંબંધિતો સંપર્ક કરવા અપીલ કરી હતી જ્યારે ઈમરજન્સી માટે ફોન નં. 079-35082111 જાહેર કર્યો હતો..જ્યારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે પણ કંટ્રોલ રૂમ શરૂ કરી દીધો છે જેમાં દિલ્હી ખાતે **011-24610843** અને **9650391859** અમદાવાદ ખાતે **9974111327** માટેનો નંબર જાહેર કર્યો હતો. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં પણ જાણકારી માટે 6357373831,6357373841 એમ બે નંબર જાહેર કર્યા છે.. )*

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# HEALTH ACS

રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએ જણાવ્યુ હતું કે  અમદાવાદ વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ માટે તેમના સગાઓના D.N.A. સેમ્પલ લેવા અમદાવાદ સિવિલ હોસ્પિટલ દ્વારા

વ્યવસ્થા કરાઈ છે. 50 ઇજાગ્રસ્તોની સારવાર સિવિલ હોસ્પિટલ ખાતે ચાલી રહી છે. તમામ દર્દી સ્થિર છે.

(બાઇટ- ધનંજય દ્વિવેદી, અગ્ર સચિવ, આરોગ્ય વિભાગ)

. . . . . . . . . . .

## RELATIVE REACTION

અમદાવાદની વિમાની દુર્ઘટનમાં રાજ્યના અલગ અલગ વિસ્તારોમાંથી મુસાફરો વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા, જેમાં જામનગરના બે, અરવલ્લીના ત્રણ, દિવના 15 અને સુરતના ત્રણ, ભરૂચના પાંચ મુસાફરોનો સમાવેશ થાય છે. જેને કારણે મુસાફરોના ચિંતિત પરિવારજનો અમદાવાદ પહોંચી રહ્યાં છે.. અરવલ્લીની મહિલા પણ વિમાનમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે પરિવારજનો ચિંતિત બન્યા હોવાનું મહોમ્મદ રફિક ગુલામ હુશેને જણાવ્યું હતું.

(BYTE- પરિજન)

. . . . . . . . . . .

## LEADER REACTION

અમદાવાદમાં થયેલી વિમાનની દુર્ઘટના અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય જળશક્તિમંત્રી સી આર. પાટીલ સહિતના મહાનુભાવોએ દુઃખ વ્યક્ત કર્યું. ભાજપના તમામ કાર્યકરોને રાહત અને

બચાવ કામગીરીમાં લાગી જવા અપીલ કરવામાં આવી છે. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ અને રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ પણ દુખ વ્યક્ત કર્યું છે..

. . . . . . . . . . .

## AIR PORT OPERATIONAL

અમદાવાદમાં સર્જાયેલી વિમાની દુર્ઘટના બાદ સરદાર વલ્લભભાઇ પટેલ હવાઇમથકને ઉડ્ડયન માટે સ્થગિત કરી દેવાયું હતું.. પરંતુ ત્યારબાદ સાંજથી ફ્લાઇટના ઉડ્ડયન માટે હવાઇમથકની કામગીરી ફરી શરૂ કરવામાં આવી હતી તેમજ હવાઇમથક સત્તામંડળે મુસાફરોને પોતાના એરલાઇન્સ સાથે સંપર્ક કરીને ફલાઇટની વિગતો મેળવીને મુસાફરી કરવાની સૂચના આપી હતી.

દુર્ઘટનાગ્રસ્ત બનેલા વિમાનમાં 242 માંથી 169 ભારતીય નાગરિકો, એક કેનાડા, સાત પોર્ટુગલ નાગરિક અને 53 બ્રિટિશ નાગરિક વિમાનમાં મુસાફરી કરી રહ્યાં હતાં. આ દુર્ઘટના અંગે રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિએ વિમાન દુર્ઘટના અંગે દુઃખ વ્યક્ત કરીને મૃતકોના પરિજનોને સંવેદના પાઠવી હતી.

. . . . . . . . . . .

## VIKSIT KRUSHI SANKALP ABHIYAN BARDOLI

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, 'વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન પાયાના સ્તરે ખેડૂતોની સમસ્યાઓ અને પડકારોને સમજવામાં મદદ કરશે.' સુરતના બારડોલી ખાતે આ અભિયાનના સમાપન પ્રસંગે ખેડૂત સંમેલનને સંબોધતા શ્રી ચૌહાણે ખેતી પુનર્જાગરણ માટે કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી વ્યૂહરચના પણ જણાવી.

(BYTE- SHIVRAJ SINGH CHAUHAN, AGRICULTURE MINISTER)

શ્રી ચૌહાણે ખેતીમાં ગુજરાતના નેતૃત્વની પ્રશંસા કરી. એરંડા, મગફળી અને જીરામાં વિક્રમજનક ઉત્પાદન જેવા ઉદાહરણનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું, ગુજરાત અન્યો માટે એક માપદંડ સ્થાપિત કરી રહ્યું છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનથી રાજ્યના ચાર લાખથી વધુ ખેડૂતને લાભ થયો છે. તેમણે વિકસિત ભારતના દ્રષ્ટિકોણને પ્રાપ્ત કરવામાં ખેતીની મહત્વની ભૂમિકા પર ભાર આપ્યો.

કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રી અને કેન્દ્રીય કૃષિમંત્રીએ પોરબંદરમાં બાગાયત પાક, પેટલાદમાં કેળા અને શાકભાજી તેમજ કચ્છમાં ખેડૂતો માટે એક પ્રાથમિક પ્રક્રિયા કેન્દ્ર અને 14 પાકના વખાર સહિત અનેક ઉત્કૃષ્ટતા કેન્દ્રનું વર્ચ્યૂઅલ ઉદ્ઘાટન કર્યું. દરમિયાન બારડોલીમાં શેરડી ઉત્કૃષ્ટતા કેન્દ્રના નિર્માણનું પણ ખાતમુહૂર્ત કરાયું.

. . . . . . . . . . .